उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोद्यत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"


# સમસ્ત શ્રીગૌડ સમાજનું મુખપત્ર

**તંત્રી મંડળ**
પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય
જીજ્ઞેશ બી. પંડિત
યોગેશ કે. શુક્લ
ભરત એસ. શુક્લ
કૌશિક એચ. પાઠક

માર્ચ-ઓગષ્ટ ૨૦૧૬

પ્રમુખ : અનિલ એસ. દવે     તંત્રી : ભાવિન આર. શુક્લ     સંપાદક : હસિત એચ. પાઠક

॥ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ॥



સૌજન્ય - શ્રી મહાલક્ષ્મી તીર્થધામ - શહેરા

# તંત્રી સ્થાનેથી....

સુજ્ઞ જ્ઞાતિજનો,
સાદર નમસ્કાર! કુશળ હશો.

- 'શ્રીગૌડ જાગૃતિ' માસિક મુખપત્રના પ્રકાશન અંગે કેટલીક વિગતો-હકીકતો આપશ્રીને ધ્યાને મુકવાનું હાલના તબક્કે ખૂબ જ જરૂરી અને અનિવાર્ય છે. જેમ કે,

સમસ્ત શ્રીગૌડ સમાજના આજીવન સભ્ય બનનાર પરિવારના મુખ્ય વ્યક્તિના નામ-સરનામે શ્રીગૌડ જાગૃતિનો અંક વિનામૂલ્યે મોકલવામાં આવે છે. જેનું કોઈ લવાજમ લેવામાં આવતું નથી.

'શ્રીગૌડ જાગૃતિ નિભાવ ફંડ' માં મળેલું દાન એક ફંડ તરીકે જમા કરી તેમાંથી મૂળ રકમ મેગેઝિનના ખર્ચમાં વાપરવામાં આવતી નથી માત્ર ફંડમાંથી મળતા વ્યાજની રકમમાંથી જ અંકનું પ્રકાશન કાર્ય કરવામાં આવે છે.

છેલ્લા કેટલાક સમયથી શ્રીગૌડ જાગૃતિનો અંક આપણી જ્ઞાતિના વિવિધ મુરબ્બીઓ દ્વારા વખતોવખત સ્પોન્સર કરવામાં આવેલ છે. જે ઘણી સારી નિશાની ગણી શકાય. આ ઉપરાંત અન્ય સર્વ જ્ઞાતિજનોએ પણ પોતાને ત્યાં આવતા સારા-નરસા પ્રસંગોએ નાની-મોટી રકમ શ્રીગૌડ જાગૃતિ નિભાવ ફંડમાં દાન-શુભેચ્છાના પ્રતીક તરીકે આપવામાં આવે તો તે ઘણું આવકાર્ય બની રહેશે.

ઘણી વખત જ્ઞાતિજનો દ્વારા પોતાને ત્યાં બનતા સારા-માઠા પ્રસંગો, સંતાનોની સિદ્ધિઓ વગેરેની વિગતો સોશિયલ મિડિયા પર મૂકવામાં આવે છે જે વિગતો શ્રીગૌડ જાગૃતિમાં પ્રકાશિત કરવા માટે દર માસની ૨૫ તારીખ સુધીમાં સમાજ ના કાર્યાલય પર મોકલી આપવામાં આવે તો તે વિગતો લાંબા સમય સુધી સાચવી શકાશે અને દરેક વખતે અંક નિયમિત પ્રકાશિત કરી શકાશે.

- જાહેરાતો, શ્રદ્ધાંજલિ, જન્મદિનની શુભેચ્છા વગેરે બાબતોની જાહેરાત શ્રીગૌડ જાગૃતિમાં પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં આપ પોતાના ધંધા-વ્યવસાયની જાહેરાત, સ્વજનોની શ્રદ્ધાંજલિ, જન્મદિન શુભેચ્છા વગેરે ખૂબ જ નજીવા દરે આપ પ્રકાશિત કરાવી શકો. હાલની આધુનિક પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને આ અંકથી શ્રીગૌડ જાગૃતિમાં સમાચાર મોકલવા માટે એક ઈ-મેઈલ આઈ.ડી. (shrigaudjagruti@gmail.com) શરુ કરવામાં આવ્યો છે જેના પર આપ માત્ર પ્રકાશન કરવા યોગ્ય વિગતો મોકલાવી શકો છો.

શ્રીગૌડ જાગૃતિના પ્રકાશન માટે સમાજની ટીમ, તંત્રી મંડળના સભ્યો, પરામર્શક સમિતિના સભ્યો વગેરે પોતાની રીતે તનતોડ પ્રયાસો કરી રહ્યા છે. સમાજના એક જવાબદાર-જાગૃત સભ્ય તરીકે આપ પણ યોગ્ય વિગતો પહોંચાડવા, દાન-ભેટ માટે સક્રિય પ્રયાસ દ્વારા શ્રીગૌડ જાગૃતિના નિયમિત પ્રકાશનકાર્યમાં આપનો સહયોગ આપશો તેવી આશા.

### 'શ્રીગૌડ જાગૃતિ'ના પૂર્વ તંત્રી શ્રી રાજેન્દ્રભાઈ દવેને હૃદયાંજલિ

શ્રીગૌડ જાગૃતિના તંત્રી તરીકે ખૂબ જ લાંબા ગાળા સુધી જ્ઞાતિ-સમાજને પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર તથા જાગૃતિના માધ્યમ દ્વારા શ્રીબંધુઓને એક તંતુએ બાધી રાખનાર એવા મા.શ્રી રાજેન્દ્રભાઈ એન. દવેનું હાલમાં જ દેહાવસાન થયેલું છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ આપે અને તેમના કુટુંબીજનોને આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

સ્વ. રાજેન્દ્રભાઈ પોતાના કાર્યકાળ દરમ્યાન શ્રીગૌડ જાગૃતિનો પર્યાય બની રહ્યા હતા. તેઓની અવિસ્મરણીય સેવાઓ ઉપરાંત તેઓનો મિલનસાર, માયાળુ સ્વભાવ અને સર્વેને સાથે રાખીને કાર્ય કરવાની તેઓની વિશેષ કુશળતા આ તબક્કે ખાસ યાદ આવે છે.

મુ. શ્રી રાજેન્દ્રભાઈની સેવાઓની ભીની આંખે સ્મરણ સાથે "શ્રીગૌડ જાગૃતિ તંત્રી મંડળ" તરફથી હૃદયાંજલિ

॥ ૐ શાંતિ ॥

ભાવિન શુક્લ
તંત્રી



અ.નિ. શ્રી રાજેન્દ્રભાઈ

પંચમહાલ જિલ્લાનું ગામ કાંકણપુર વતન, દેવ ગઢબારીઆ જન્મ સ્થળ, અભ્યાસ એમ. એ. મુંબઈમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીઆમાં સેવાનો પ્રારંભ, ખંભાત પેટલાદ સ્થળોએ સેવાઓ ત્યાંથી પ્રમોશનથી અમદાવાદ, કર્તવ્યનિષ્ઠાના પરિણામે ઝોનલ મેનેજરનું પદ. સને ૨૦૦૦ માં નિવૃત્તિ અને.. અને.. અને.. પછી ચિરંજીવ સત્ય-મૃત્યુ. જેનું દુઃખ અને વિષાદ હજુ ભૂલી શકાતાં નથી.

માતા-પિતાએ આપેલ અમૂલ્ય સંસ્કારોનો વારસો તેમણે આજીવન નિભાવ્યો. મુંબઈમાં શ્રીગૌડ સમાજમાં આપેલી સેવાઓ આજેય મુંબઈના આપણા બંધુઓ યાદ કરે છે. અમદાવાદ આવ્યા ત્યારથી અંતસુધી સમાજ સેવા, જ્ઞાતિ સેવા, સંસ્થા સેવા અને કુટુંબસેવા અવિરત ચાલુ રહી.

સને ૮૯-૯૦ માં સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના પ્રમુખ તરીકે મારી વરણી થઈ અને હું શ્રી રાજેન્દ્રભાઈના પરિચયમાં આવ્યો સૌ પ્રથમ મેં એમને "જાગૃતિ" સંભાળવા વિનંતી કરી જે એમણે અઢી દાયકા સુધી અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને શોભાવી. સ.શ્રી.સ.ની સાચી ઓળખાણ રાજેન્દ્રભાઈએજ "જાગૃતિ" દ્વારા કરાવી. પરિણામે ૨૦૦ની સભ્ય સંખ્યા હજાર સુધી પહોંચી હતી. "જાગૃતિ" નું નિયમિત પ્રકાશન એ એમની કાર્યસિધ્ધિ.

શ્રી રાજેન્દ્રભાઈ સાથે નો મારો સંબંધ અઢી દાયકાનો-અમારી સમાન વિચારસણી "રચનાત્મક સર્જનાત્મક ટીકા ટીપ્પણીથી દૂર રહી કાર્યશીલ રહેવું" એટલે અમારી આત્મીયતા સગાભાઈ તરીકેથી પણ વિશેષ સંબંધમાં પરિણમી એ ભાઈને કેવી રીતે ભૂલાય?

સ.શ્રી.સ.માં તેઓ પોતે કોઈ હોદ્દેદાર ન હોવા છતાય સમાજ ની દરેક પ્રવૃત્તિમાં તેમનો પુર્ણ સાથ-સહકાર હતો. "સમાજભવન" ની વાત વિચારાઈ ત્યારથી તેઓ મારી સાથે રહ્યા. બેંકની મોટી જવાબદારી હોવા છતાંય એ પૂરતો સમય આપતા. જે ફંડ થયું તેમાં એમના પ્રયત્નો મહત્તમ હતા.

સમાજના બધા આત્મિય સાથીઓની શુભેચ્છાઓ અને પ્રોત્સાહનના કારણે ફલેટ મોટનું ફંડ કરી શકાયું. અજ્ઞાત કારણોસર ફલેટ ન લઈ શક્યા-ફંડ હોવા છતાંય. અને છેલ્લે થોડાક વર્ષ સમાજ નિષ્ક્રિય થઈ ગયો એનુ અમને બંન્ને ને ખૂબ દુઃખ હતું. ચિંતન-મનન પછી સક્રિય થવાનો - નિર્ધારિત કાર્યો પૂરાં કરવાનો સંકલ્પ કર્યો - આયોજનનો પ્રારંભ કર્યો - દુર્ભાગ્યે "સુનામી" આવી ગઈ. સામાન્ય સભા મળી પરિણામ સૌએ જોયું. જાણ્યુ છે. જે કંઈ થયું તેની અપાર વેદના અમને બન્નેને હતી. રાજેન્દ્રભાઈને દિશેષ છેલ્લે સ્ટર્લિંગ હોસ્પીટલાઈમાં અમે મળ્યા. એમની એ વેદના મેં જોઈ મને એટલુંજ કહ્યું કે. "હરિપ્રસાદભાઈ આપણી આ વેદનાને છૂપી ન રાખતા, જ્યારે જ્યારે પ્રસંગ આવે ત્યારે સમાજને આ વેદના કહેતા રહેશો." અને આંખમાં અશ્રુ સાથે અમે છુટા પડ્યા એ અમારું છેલ્લું મિલન બે ભાઈઓનું મિલન. રાજેન્દ્રભાઈ નિવૃત થયા પછી પણ એ ખુબ એક્ટીવ-એસ.બી.આઈ યુનીઅનના સેક્રેટરી તરીકેની સેવાઓ, અને મુખપત્રનું પ્રકાશન એ એમની યાદગાર સેવાઓ છે.

અંતમાં થોડાક શબ્દોમાં કહું તો, **"આપણે એક સાચો સજ્જન શ્રીગોડ ગુમાવ્યો છે.** આવા સેવાભાવી, સ્પષ્ટવક્તા. નિખાલસ વ્યક્તિઓ ઓછા હોય છે.

અંતમાં સ્વર્ગસ્થ ના આત્માને ચીરઃ શાંતિ અર્પવા, નીજ સેવાનું સુખ આપવા અને સૌ સ્વજનો-સ્નેહીજનોને આધાત સહન કરવા શક્તિ અર્પવા પરમકૃપાળુ પરમાત્મા ઈષ્ટદેવને પ્રાર્થના સહ મારા સમસ્ત પરિવાર સહ સહૃદયી શ્રધ્ધાજ્જલિ અર્પું છું.

ૐ શાન્તિ ૐ શાન્તિ ૐ શાન્તિ

શોકાતુર હરિપ્રસાદ જોષી
પુર્વ પ્રમુખ

## શ્રધ્ધાજલી

જેમ અર્જુનને શ્રીકૃષ્ણ સર્વસ્વ હતા, તેમ શ્રી રાજેન્દ્રભાઈ મારા માટે સર્વસ્વ હતા. જેમ અર્જુન શ્રીકૃષ્ણ વગર પોતાનું અસ્તિત્વ કલ્પી શક્તો ન હતો, તેમ મારા માટે રાજેન્દ્રભાઈ વગર મારું અસ્તિત્વ કલ્પવું ખૂબ જ મુશ્કેલ છે.

હું રાજેન્દ્રભાઈ સાથે નાનપણથી સંકળાયેલો હતો. મારા ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે.

શ્રી રાજેન્દ્રભાઈની અમદાવાદ બદલી થઈ ત્યારે અમે સમાજ માટે વિદ્યાર્થીઓ તથા વિધવા તથા ત્યકતા બહેનોને આર્થિક સહાય અંગે જ્ઞાતિનાં સમકક્ષ મિત્રો સાથે વિચારણા કરતાં હતાં. મેં રાજેન્દ્રભાઈને આ પ્રવૃત્તિ વિષે માહિતગાર કર્યા અને આમાં સહભાગી થવાની વિનંતી કરી. તેમણે ખૂબ જ ઉત્સાહ અને ખંતથી આ પવિત્ર કાર્યના હવનમાં આહુતી આપી અને "શ્રીગૌડ ઉત્કર્ષ"નો ઉદય થયો અને પછી શ્રી ડૉ. શિલીનભાઈ શુક્લ, રાજેન્દ્રભાઈ તથા અન્ય મિત્રોનાં સાથ, સહકાર અને સહયોગથી આ પ્રવૃત્તિ ખૂબ જ ફૂલી ફાલી. ઘણાં લાંબા સમય સુધી રાજેન્દ્રભાઈ તથા અન્ય મિત્રોનાં અથાગ પરિશ્રમથી વિદ્યાર્થીઓ તથા બહેનોને લાભ મળ્યો.

આ પ્રવૃત્તિ લગભગ ૨૮ વર્ષ ચાલી. પછી અમને એવું લાગ્યુ કે હવે સમય તથા અન્ય પરિબળોને કારણે આ પ્રવૃત્તિને પૂર્ણવિરામ આપવાની જરૂર છે.

રાજેન્દ્રભાઈએ તેઓની આગવી શૈલીથી ભવિષ્યમાં જ્ઞાતિજનો આવી પ્રવૃત્તિમાં સહકાર આપે તે હેતુથી અથાગ પરિશ્રમ અને આગવી સૂઝથી જે દાતાઓએ દાન આપ્યું હતું તે દાનની રકમ વ્યાજ સાથે પરત કરવાનો ભગીરથ કાર્ય સફળતા પૂર્વક પાર પાડ્યું.

જ્યારે શરૂઆતમાં ૧૯૭૮ માં જ્ઞાતિજનોને સમાજનો સારો અનુભવ ન હતો, તેથી તેઓએ દાન નહીં પરંતુ ડીપોઝીટ લેતા હતાં, અને ફક્ત તેનું વ્યાજ જ વિદ્યાર્થીઓ તથા બહેનોની આર્થિક સહાય માટે વાપરતાં હતાં. જો દાતાઓને અમારાં કાર્યથી સંતોષ ન હોય તો, તેઓએ તેમની ડીપોઝીટ પરત આપવાની બાંહેધરી આપવામાં આવતી હતી. આ નિઃસ્વાર્થ પ્રવૃત્તિ માટે ભંડોળ એકઠું કરવા માટે તેઓ અમારી સાથે અથાગ પરિશ્રમ, સ્વખર્ચે અમદાવાદ ઉપરાંત પંચમહાલ જીલ્લામાં ગોધરા, શહેરા દેવગઢ બારીઆ, લુણાવાડા, તેમજ વડોદરા, સુરત, ભરૂચ તથા અન્ય સ્થળે જ્ઞાતિજનોને મળી તેઓનાં શુભેચ્છા અને સહકારથી ભંડોળ એકઠું કરવામાં આવ્યું હતું.

શ્રી રાજેન્દ્રભાઈની આવી તો અનેક કાર્યસિધ્ધિઓ ની ગાથાઓ છે. સમાજને આવા વિરલ સપૂતની ખોટ હંમેશા સાલશે.

ૐ શાંન્તિ
અરૂણ પાઠકનાં વંદન
વસ્ત્રાપુર, અમદાવાદ

---

રાજન ભૈયા : ન ભૂતો ન ભવિષ્યતિ

આર્થિક વહીવટ ના સિધ્ધાતવાદી અધિકારી છતા ઋજુ હૃદયમાં 'વિભા---જી' ના કવિ દૃઢ નિશ્ચયી તો પણ સમાજ હિતે બાંધ છોડ કરનારા-અમારા-આપણા રાજન ભૈયા આજે આપણી વચ્ચે સ્થૂળદેહે ન હોવા છતાં તેઓની સેવાની સુવાસનો પમરાટ પ્રત્યેક શ્રી બંધુ-ભગીનીઓની લાંબા કાળ સુધી માણશે એ વાતે તેઓની સાથે વિસંવાદ હશે તે પણ સ્વીકારશે.

શ્રી પરિવારનું કલ્યાણ હોય કે નિવૃત્ત બેંક કર્મચારી પરિવારનું હિત, સમાજના કોઈપણ વર્ગ માટે તબીબી સલાહ-સગવડ પૂરી પાડવા કૃતનિશ્ચયી એવા 'રાજન' ની ઓળખાણ માટે શબ્દો વામણા લાગે. અમારા મોસાળની ઉપસ્થિતિ તેઓઓની હાજરીથી તરબતર કરી દે એવા આનંદના પર્યાયી ભાઈની વિદાયે શું ગુમાવ્યું એ કરતાં કેટકેટલું ખોયું એ પ્રશ્ન જ મહત્વનો છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્યાત્માને પોતાના શ્રી ચરણોમાં સેવા બક્ષે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

અનિલ રે. દવે
વડોદરા

# શ્રધ્ધાજલી માર્ચ - એપ્રિલ

સ્વ. કમળાબેન હરિપ્રસાદ પંડ્યા



અવસાન તા. ૬-૩-૧૯૯૨

સ્વ. પરસનબેન વિશ્વનાથ દવે



અવસાન તા. ૧૮-૩-૨૦૦૦

સ્વ. બાલમુકુંદ બાબુભાઈ શુક્લ



અવસાન તા. ૧-૩-૨૦૦૨

સ્વ. સમીર નીરંજનભાઈ પંડ્યા



અવસાન તા. ૬-૩-૧૯૯૪

સ્વ. પ્રવિણાબેન ઈન્દ્રવદન પંડ્યા



અવસાન તા. ૧-૩-૨૦૦૦

સ્વ. વિનોદરાય પૂજાલાલદવે



અવસાન : તા. ૧૫-૩-૦૬

અવસાન : તા. ૭-૨-૦૫

અવસાન તા. ૧૫-૩-૦૬

-: શ્રદ્ધાંજલિ :- માર્ચ

| | |
|---|---|
| સ્વ. જટાશંકર મહાશંકર પંડ્યા | ૫-૩-૧૯૭૦ |
| સ્વ. વિરેન્દ્રભાઈ ચંદુલાલ પંડ્યા | ૬-૩-૧૯૯૩ |
| સ્વ. સદ્‌ગુણાબેન નટવરલાલ દવે | ૨૬-૩-૨૦૦૪ |

સ્વ. જયંતીલાલ નાથાલાલ પંડ્યા



અવસાન : તા. ૧૬-૪-૧૯૯૯

સ્વ. ભીખાલાલ હરીહર શુક્લ



અવસાન : તા. ૨૬-૪-૨૦૦૩

સ્વ. ભીખાલાલ પ્રાણશંકર દવે



અવસાન : તા. ૧૯-૪-૨૦૦૩

સ્વ. શીવપ્રસાદ ખોતીરામ શુક્લ



અવસાન : તા. ૧૩-૪-૨૦૦૦

સ્વ. બાલમુકુંદ કાશીરામ પાઠક



અવસાન : તા. ૧૫-૪-૨૦૦૩

ભાનુમતી એચ. પુરોહિત



સ્વ. તા. ૦૯-૦૪-૨૦૦૪

સ્વ. મનોરમાબેન ભાનુપ્રસાદ



અવસાન : તા. ૦૩-૦૪-૨૦૦૬

# શ્રધ્ધાજલી મે - જુલાઈ

| | | | |
|---|---|---|---|
| સ્વ. મહાલક્ષ્મીબેન જયંતીલાલ જોષી | સ્વ. ચંદ્રકાન્ત વિશ્વનાથ પંડ્યા | સ્વ. મણીભાઈ નર્મદાશંકર પાઠક | સ્વ. સુરેશચંદ્ર છોટાલાલ પાઠક |
|  |  |  |  |
| અવસાન : તા. ૩૦-૦૫-૧૯૯૫ | અવસાન : તા. ૬-૫-૧૯૮૧ | અવસાન : તા. ૯-૨-૨૦૦૦ | અવસાન : તા. ૩૦-૫-૨૦૦૦ |
| સ્વ. હિમાંશુ ભીખુભાઈ શુક્લ | સ્વ. રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી | સ્વ. ગજેન્દ્રપ્રસાદ વિશ્વનાથ જોષી | સ્વ. મણીશંકર જગન્નાથ દવે |
|  |  |  |  |
| અવસાન : તા. ૧૧-૫-૧૯૮૨ | અવસાન : તા. ૨-૫-૧૯૮૫ | અવસાન : તા. ૯-૫-૨૦૦૧ | અવસાન : તા. મે - ૧૯૯૧ |
| સ્વ. દેવેન્દ્રપ્રસાદ કાંતિલાલ દવે | સ્વ. દિપકકુમાર નરેન્દ્રભાઈ પાઠક | સ્વ. ચંદ્રાનના મણિશંકર પાઠક | સ્વ. નવિનચંદ્ર મણિલાલ ભટ્ટ |
|  |  |  |  |
| અવસાન : તા. : ૧૨-૫-૨૦૦૧ | અવસાન : તા. : ૬-૫-૨૦૦૪ | અવસાન : તા. : ૨૦-૫-૦૫ | અવસાન : તા. : ૧૪-૫-૨૦૦૫ |

| | | |
|---|---|---|
| સ્વ. પરસનબહેન દવે | સ્વ. લીલાવતીબેન આર. પાઠક | સ્વ. ઈન્દ્રવદન કાશીનાથ દવે |
|  |  |  |
| અવસાન : તા. ૬-૬-૨૦૦૨ | અવસાન : તા. ૭-૬-૧૯૯૮ | અવસાન : તા. ૨૧-૬-૧૯૭૬ |

સ્વ. ઈન્દિરાબેન સુમનચંદ્ર વ્યાસ — અવસાન : તા. ૧૬-૬-૧૯૯૨

સ્વ. તારાગૌરી જયંતીલાલ શુક્લ — અવસાન : તા. ૧૭-૬-૧૯૯૦

| | |
|---|---|
| અ.સૌ. દક્ષાબેન પ્રકાશકુમાર શુક્લ | હરિપ્રસાદ એ. પુરોહિત |
|  |  |
| અવસાન : તા. ૦૨-૦૭-૨૦૦૭ | સ્વ. તા. ૨૧-૦૭-૨૦૦૭ |

## અવસાન નોંધ

- કાશ્મીરીઆ પક્ષના ગોધરા ના વતની તથા સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના પ્રમુખ શ્રી અનીલ દવે ના મોટાબેન નલીનીબેન નરેન્દ્રપ્રસાદ શુક્લ નું મુંબઈ મુકામે ૨૮-૬-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- કાશ્મીરીઆ પક્ષના કાંકણપુર ના વતની તથા સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના પ્રમુખ શ્રી અનીલ દવે ના મોટાભાઈ વિમલભાઈ સુરેન્દ્રરાય દવે (એડ્વોકેટ-સુપ્રીમકોર્ટ) નું અમદાવાદ મુકામે ૩-૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- શહેરા ના વતની મનહરભાઈ કાન્તિલાલ પુરાણી નું વડોદરા મુકામે ૨૨-૩-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- ઝાલોદના વતની અરૂણાબેન પ્રફુલ્લચંદ્ર પાઠકનું વડોદરા મુકામે ૧૯-૬-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- લુણાવાડા ના વતની ગીરીશભાઈ રણછોડલાલ ભટ્ટ (એસ બી આઈ) નું અમદાવાદ મુકામે ૭-૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- કાશ્મીરીઆ પક્ષના કાંકણપુર ના વતની રાજેન્દ્રભાઈ એન દવે (ભૂતપૂર્વતંત્રી-શ્રીગૌડ જાગૃતિ અને ઉપપ્રમુખ-સમસ્ત શ્રીગૌડ સમાજ) નું અમદાવાદ મુકામે તા. ૧૮-૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- કાલોલ નિવાસી. મીનાક્ષીબેન દિપકકુમાર (રાજુભાઈ) પંડ્યાનું તા. ૧૮-૦૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- મધવાસ નિવાસી. જયેષ્ઠારામ દામોદરદાસ દ્વિવેદી નું તા. ૧૯-૦૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- ઈન્દુભાઈ જયશંકર પાઠકના પત્ની (નિવૃત ચીફ ઓફીસર ગોધરા નગર પાલિકા) તથા વિભાકર પાઠક (વકીલ) ના માતૃશ્રી ઈન્દિરાબેન પાઠક નું તા. ૨૯-૦૭-૨૦૧૬ ના રોજ ગોધરા મુકામે અવસાન થયેલ છે.
- સાડત્રીસ પક્ષના, પેટલાદ નીવાસી સુવર્ણાબેન અશ્વીનકુમાર પંડ્યાનું તા. ૧૦-૦૭-૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે.
- ગૃહસ્થ પક્ષ નાનુંતડના ઉમરેઠના વતની ઉર્મિલાબેન મનહરલાલ જોશીનું તા. ૦૪-૦૫-૨૦૧૬ ના રોજ ખંભોળજ મુકામે અવસાન થયેલ છે.
- શ્રી કમલેશભાઈ વસંતરામ ભટ્ટનું તા. ૦૮-૦૪-૨૦૧૬ ના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે.

## સહભાર સ્વીકાર

- રૂ. ૧૫૦૦ શ્રી મહાલક્ષ્મી તીર્થ ધામ - શહેરા ના સૌજન્યથી મુખપૃષ્ઠ પર મહાલક્ષ્મી માતાના ફોટા નીમીતે
- રૂા. ૫૦૦ શ્રી મનહરભાઈ પી. જોષી (ઉમરેઠ / ખંભોળજ) તરફથી સ્વ. ઉર્મીલાબેનના સ્મરણાર્થે જાગૃતિનીભાવ ખર્ચ પેટે મળ્યા છે.

જંયંત દવે 9824101105

## સમાચાર સંચય

(૧) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના કારોબારી સભ્ય વડોદરા નીવાસી શ્રી અશોકભાઈ જે. ઉપાધ્યાય ના સુપુત્ર ચિ. અર્પિત ઉપાઘાયની એપોલો ટાયરમાં સિનિયર મેનેજર (ક્વોલીટી) તરીકે નેધરલેન્ડ-એમ્સ્ટરડમ સિટીમાં નિયુક્ત થયા છે. સમાજ તરફથી તેઓને અભિનંદન

(૨) સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાતના કારોબારી સભ્ય સેવાલીયાના શ્રી જિતેન્દ્રકુમાર બી. ઉપાધ્યાય ગલતેશ્વર તાલુકા પંચાયતમાં સતત બીજીવાર પ્રમુખ (ભાજપ) તરીકે નિયુક્ત થયા છે.

(૩) મિતલબેન નીરવકુમાર ઉપાધ્યાય સેવાલીયાની બેઠક પરથી ગલતેશ્વર તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા છે. તેઓ વ્યવસાયે હાયર સેકન્ડરીના શિક્ષીકા છે.

(૪) શ્રી મહાલક્ષ્મી તીર્થધામ - શહેરા નામંત્રી તથા સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના કારોબારી સભ્ય તથા સમૂહ યજ્ઞોપવિત સમારંભના કન્વીનરશ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક પંચમહાલ જીલ્લા ભાજપ ના મહામંત્રી તરીકે ચૂંટાઈ આવેલ છે. સમાજ તરફથી ખૂબખૂબ અભિનંદન

(૫) શ્રીગીાડ સાડત્રીસ સમાજના કારોબારી સભ્ય શ્રી યોગેશકુમાર જે પાઠક ના પુત્ર ચિ. સાકેત કુમાર પાઠક ગુજરાત રાજ્યની સીનીયર હોકી ટીમમાં પંસદગી પામેલ છે. જેઓ ગુજરાત રાજ્ય સીનીયર હોકી ટીમમાં રમનાર સમાજના પ્રથમ યુવાન છે. આ અંગે સમાજ તેઓને અભિનંદન પાઠવે છે.

(૬) શ્રીગૌડ સાડત્રીસ સમાજના ડૉ. દેવેન્દ્રભાઈ એન પંડ્યા (ચલામણી - હાલોલ) ની સુપુત્રી ચિ. મિરા પ્રિતેશકુમાર શુકલ ને સને ૨૦૧૫-૧૬ માં શ્રેષ્ઠ રમતવિરનો પુરસ્કાર મળેલ છે. તે બદલ સમાજ અભિનંદન પાઠવે છે.

(૭) શ્રીગૌડ સાડત્રીસ સમાજના કારોબારી સભ્ય શ્રી મનહરલાલ સી પંડ્યાના પૌત્ર ચિ. પ્રેમ અર્પિતકુમાર પંડ્યા એ (ઓલ ગુજરાત કરાટે ચેમ્પીયનસીપ) માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેઓ એ નેશનલ લેવલમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. આ સિધ્ધિ મેળવવા બદલ સમાજ ગૌરવ અનુભવે છે.

## અંકનું પ્રકાશન - સૌજન્ય

શ્રીગૌડ જાગૃતિના આ અંકનું પ્રકાશન સૌજન્ય (સ્પોન્સરસીપ) સમાજના શ્રીબંધુ શ્રી કમલેશભાઈ એસ પાઠક તરફથી પ્રાપ્ત થયેલ છે. સમાજ ધ્વારા તેઓ નો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

**પ્રકાશક અને મુદ્રક :**
સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી
ભરત એસ. શુક્લ
C/o શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી, વિભાગ-૩,
જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,
અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦
આજીવન સભ્ય ફી : ૨૦૧/- પતિ-પત્નિ સાથે રૂા. ૩૦૧/-
પરદેશમાં રૂા. ૨૫૦૦/-

બુક પોસ્ટ

**પ્રતિ,**

Ghn/1038/1038-A/1039/1040

Shri JAYANT GAJENDRABHAI JOSHI
Plot No. 415/2, Sector-3/B
GANDHINAGAR. 382 006.

0259